દેલવાડાકર—સિરિઝ

(બાળ-ગ્રંથાવળી-નં. ૧૫)

બાળકોની રંગભૂમિ.

ગુજરાતી પ્રાથમિક શાળાઓનાં બાળકો માટે
નાના નાના નાટ્ય-પ્રયોગ.

આવૃત્તિ—ત્રીજી.

શ્રી જૈન પ્રીં. વ. લી. મુંબઇ.

નીતિનાં મુખડાં ઉપર, નાટક નમણું નાક;
શુભ રચના સંસારની, જો અજવાળી આંખ.

રચનાર—ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર
કિન્ડરગાર્ટનીસ્ટ.

Silver Medal in Bombay and Bhav.
Industrial and Agricultural Exhibitic.
Awarded to

DELVADAKER'S

PRACTICAL KINDERGARTEN BOX

Price RS. 15.

This Box contains Kindergarten materials for teachi our children according to illustrated **Bal-Khel** on Ki dergarten. This has been Sanctioned as a **Text-Boc** in the Government Educational Department, together w its five numbers and guide.

It has been circulated iu all parts of India thro this Exhibition and a silver medal has been awarded

The Guide of Exhibition says:—

Mr. Delvadaker's Kindergarten artic The latter has prepared a small Box containing a comp. Set for little children. costing Rs. 15 only, whereas articles would cost about Rs. 50, if bought separately

DELVADAKER'S

Kindergarten Gift—Box.

Price Rs. 30.

This box containing all the mat... necessary 20 Gifts of the Frabelian System, it also includes garten **Bal-Khel**, and guide and has been speci prepared for the convenience of the Primary School

દેલવાડાકર—સિરિઝ

(બાળ-ગ્રંથાવળી-નં. ૧૫)

બાળકોની રંગભૂમિ.

ગુજરાતી પ્રાથમિક શાળાઓનાં બાળકો માટે
નાના નાના નાટ્ય-પ્રયોગ.

આવૃત્તિ—ત્રીજી.

નીતિનાં મૂખડાં ઉપર, નાટક નમણું નાક;
શુભ રચના સંસારની, જો અજવાળી આંખ.

રચનાર—ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર
કિન્ડરગાર્ટનીસ્ટ.

પ્રસ્તાવના.

ન્હાનાં બાળકોની મનશક્તિ, તર્કશક્તિ, અને વક્તૃત્વ શકિ ખિલવવાના હેતુથી, વિલાયતની કેટલીક શાળાઓમાં નાનાં ના નાટકો ભજવવામાં આવે છે; અને તે વિષેનું એક પુસ્તક Th children Theatrical નામે પ્રસિદ્ધ થયું છે. સંસ્કૃત ભાષાર તેવાં નાનાં નાટકો રચાયલાં જણાય છે, ને તેને **ચમ્પુ** (Minea ture) કહે છે; એવાં નાટકો ગુજરાતી ભાષા શીખનારાં બાળકે માટે રચાયલાં નથી. કિન્ડરગાર્ટન કેળવણીના મૂળતત્વમાં સમાયલ સાર ઉપરથી જણાય છે, કે નાનાં બાળકોને રમુજી વેશ ભજવવા ને કોઈનું ખ્યાલી અનુકરણ કરવાનું બહુ ગમે છે. જો તે વિષ નિયમમાં મૂકવામાં આવે, તો તેથી બાળકોને બેવડો લાભ થઇ શ છે. એક તો તે હિમ્મતથી સ્પષ્ટ બોલતાં શીખે છે, ને બીજું તેને રમત રૂપે ઉત્તમ જ્ઞાન મળી શકે છે. એ હેતુથી આ બાળ-પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે. આશા છે કે એથી બાળકો ગમ્મત સાથે જ્ઞાન મળશે, અને તેના-અભ્યાસથી કંટાળી જતાં મન આનંદ ભમશે.

નવેમ્બર-૧૯૦૧ કર્તા.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

ડરગાર્ટન કેળવણીના શુભ પ્રયત્નની ગણના થવાથી, અને
ગાવળીને સરકારી કેળવણીખાતા તરફથી સંપૂર્ણ
જેમ કેટલાંક પુસ્તકો સેંકડો નકલોમાં પ્રસિદ્ધ
. આ નિવૃત્ત-નિવાસી ગ્રંથ પણ સાદર પામતો
યછે. આ નવી આવૃત્તિમાં ભાષા-રચના ને વિષયસંકળના સં-
બંધી સરળ ને સંગીન સુધારો કરવામાં આવ્યો છે.

વસંત ઋતુ. ૧૯૬૦.
ફ્રનસવાડી માર્ચ ૧૯૦૪.

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના.

કિન્ડરગાર્ટન કેળવણીના વધતા જતા પ્રવાહથી આ ગ્રંથાવળીએ જે આવકારદાયક વધારો કરેલો છે, તેનાં શુભ ફળ તરીકે આ ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના પુરતી છે—

કર્ત્તા કિન્ડરગાર્ટન સ્ટોલ—ગિરગામ બેક રોડ—મુંબઇ

ફેબ્રુવારી. ૧૯૦૯.

અનુક્રમણિકા.

બાળકોની રંગભૂમિ.

પ્રયોગ—પહેલો.

ઈન્સાફની અદાલત
અથવા
રાજકુમાર ને ન્યાયાધિશ.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ન્યાયાધિશની કચેરી.

પાત્ર—ન્યાયાધિશ, શિરસ્તેદાર, રાજકુમાર, માધવ (ગુન્હેગાર) ને સિપાઈ.

{ન્યાયાધિશ ઉંચા આસનપર બેઠો છે. નીચે શિરસ્તેદાર બેઠો છે. એક બાજુ રાજકુમાર આવીને બેસે છે. બીજી તરફ પાંજરામાં ગુન્હેગાર ઉભો છે. ને તેની જોડે સિપાઇ બહાર ઉભો રહેલો છે.}

ન્યાયાધિશ—ગુન્હેગાર છોકરા? તેં રસ્તે જનારાં કેટલાંક ગરીબ માણસોને બહુ હેરાન કર્યાં છે, અને કેટલાક નઠારા સોબતીઓની મદદથી તેં ઘણા લોકોના માલથાલનું નુકસાન કર્યું છે.

આ રાજ્યનો કાયદો એવા ગુન્હેગારો માટે સખત શિક્ષા ફરમાવે છે; પણ તારી પહેલી કસુર અને નાની ઉમર ધ્યાનમાં લઇને હું તને માત્ર એક વરસ 'ઉદ્યોગ-શાળા' માં જવાનો હુકમ કરૂં છું.

રાજકુમાર—(ઉભો થઇને) ન્યાયાધિશ સાહેબ ? આ ગુન્હેગાર મ્હારો મિત્ર છે, માટે તેને કંઇ પણ શિક્ષા ન કરતાં છોડી દેવાનો હું તમને હુકમ કરૂં છું—

ન્યાયાધિશ—કુમાર ? ન્યાયનું કામ નિર્મળ છે, તેમાં કોઇનો પક્ષ કે ભલામણ ચાલતી નથી. રાજા અને પ્રજા બન્ને માટે કાયદો તો સરખો છે.

રાજકુમાર—ન્યાયાધિશ ? હું રાજકુમાર છું. ને તેથી મ્હારો હુકમ તમારે માનવોજ પડશે !

ન્યાયાધિશ—કુમાર ? કાયદાની વચ્ચે આવવાનો તમારો બિલકુલ અધિકાર નથી. ન્યાયના દરબારમાં રાજદંડ રહે છે, અને તેનું અપમાન કરવાને રાજાજીની પણ હિમત થતી નથી, કારણ કે જો પોતાનો કાયદો પોતેજ પાળે નહિ, તો પ્રજા તેને શી રીતે માન આપશે ? ન્યાયમંદિરમાં રાજકુમાર કે ભિખારી એકજ ત્રાજવે તોળાય છે.

રાજકુમાર—ત્યારે શું મને પણ તમે શિક્ષા કરી શકો ?

ન્યાયાધિશ—હા. જો ધારાથી ઉલટું કામ કરવાની તમે ભૂલ કરી હોય, તો તમને પણ શિક્ષા કરવાની અમારી સત્તા છે.

રાજકુમાર—(ન્યાયાધિશના ગાલપર સખત તમાચો મારી

રીસ ચડાવીને) ન્યાયાધિશ ? તમને મ્હારા હુકમનું અપમાન કરવાની બિલકુલ સત્તા નથી. હું ફરીવાર કહું છું, કે આ મ્હારા મિત્રનો ગુન્હો માફ કરીને તેને છોડી દેવો.

ન્યાયાધિશ—(હિમ્મતથી) કુમાર ? તમે તમારા પિતાનું, રાજ્યના ધારાનું, ને અદાલતના હુકમનું અપમાન કર્યું છે, માટે તમને પોતાને પણ હું સારી ચાલ માટે એક વરસ સુધી કેદખાનાનીશિક્ષા કરૂં છું; (શિરસ્તેદારને) શિરસ્તેદાર? કોર્ટે ફરમાવેલી શિક્ષા અમલમાં મુકવા માટે આ બન્ને ગુન્હેગારોને ઘટિત સત્તાવાળાઓને સ્વાધીન કરો—

શિરસ્તેદાર--જેવો આપનો હુકમ !—

શિરસ્તેદાર ઉભો થઇને નમે છે, અને સિપાઇને ઈશારત કરે છે, એટલે તે બન્ને ગુન્હેગારોને કબજે કરે છે. ન્યાયાધિશ નીચે ઉતરીને વિચાર કરતો એક તરફ ઉભો રહે છે.

રાજકુમાર—(મનમાં) ન્યાય અને નીતિથી રચાયલો કાયદો મેં તોડ્યો છે, તેથી પિતાજી બહુ રીસે ભરાશે, પણ મેં મ્હારા મિત્ર માટે આ કામ કર્યું છે, એટલે મને દુઃખ થવાનું નથી.

ન્યાયાધિશ—(સ્વગત) રાજકુમારને કરેલી શિક્ષાથી કદાચ રાજાજી મ્હારાપર ગુસ્સે થશે, તો પણ મેં ન્યાયનું પગલું ઓળંગ્યું નથી, એટલે મને તેની ચિન્તા નથી, રાજકુમાર માટે જોકે આ શિક્ષા કઠણ ગણાશે, તોપણ તેઓ આ રાજયના

ભવિષ્યના રાજા થશે, ત્યારે કાયદાની કિમ્મત કેટલી આકરીછે, તેનું સહજ ભાન થશે, ને તે વેળા રાજા–પ્રજા વચ્ચે ન્યાયનો અંતર ન રહેવો જોઇએ, તેનું જ્ઞાન થશે, એટલુંજ નહિ પણ અમલ અને અમલદારોની કદર કરવાનું સામાન્ય થઇ પડશે.

{ ન્યાયાધિશ જાયછે. પાછળથી શીરસ્તેદાર જાય છે. સિપાઇ, રાજકુમાર તથા ગુન્હેગાર માધવને લઇ જાયછે.

પ્રવેશ ૨ જો.

સ્થળ--રાજાનો મહેલ.

રાજા અને ન્યાયાધિશ.

{ રાજા, બાગમાં વિચાર કરતો આમ તેમ ફરે છે.

રાજા——રાજ્ય–સુખમાં કશી નિરાત નથી. રાજાઓ માથે **પ્રજા**–સુખની જોખમદારીનો કઠણ બોજો રાત–દિવસની સુખી નિદ્રાને હરી લે છે. પોતાનો અમલ આંધળો છે, કે કેમ? અને પોતાના અમલદારો ન્યાયી છે કે લાંચીઆ, ને પોતાની પ્રજા સુખી છે કે દુઃખી, એવી એવી ચિન્તામાં રાજાઓ પોતાનાં નિવૃત્તીનાં સુખ ગાળી નાખેછે; મ્હારા જીવને જોકે એ વિષે કશી ચિન્તા નથી; કેમકે મ્હારૂં રાજ્ય ન્યાયી છે. ને મ્હારો અમલ દેખતો છે. મ્હારી અદાલતનો કાયદો એવો સખત છે, કે ત્યાં રા:–રંકનો પક્ષ થતો નથી. સિહં–બ

કરી એક આરે પાણી પીયે છે. મ્હારા કુમારને ન્યાયા-
ધિશે કરેલી શિક્ષાના દાખલાથી મને ધિરજ મળે છે, કે
મ્હારૂં રાજ ન્યાયી છે, ને મ્હારી પ્રજા સુખી છે.

(સિપાઇ પ્રવેશ કરે છે.)

સિપાંઈ—(નમીને) ન્યાયાધિશ સાહેબ મળવા પધારે છે.

રાજા— વારૂ અંદર બોલાવ—

(સિપાઇ જાય છે. ન્યાયાધિશ અંદર આવેછે.)

ન્યાયાધિશ—(નમીને) નામદાર સાહેબને નમન કરૂં છું.

(બે હાથ જોડી ઉભો રહે છે.)

રાજા— ન્યાયાધિશ પાસે આવીને હસતે મુખડે) હું તમને જોઇને
બહુ ખુશી થાઉં છું.

ન્યાયાધિશ-આપની કૃપા ! (નમેછે.)

રાજા—— ન્યાયાધિશ? તમે શરમાશો નહિ, અચકાશો કે અક-
ળાશો નહિ; તમે ન્યાયી ને બુદ્ધિવાન છો, તમે રાજ્યના
વિશ્વાસુ અમલદાર ને પ્રમાણીક ન્યાયાધિશ છો, એવું
જાણીને મને બહુ સંતોષ થાય છે; મ્હારા રાજકુમારને તમે
ઘટિત શિક્ષા કરી છે, તેથી મને દુઃખ થવાનું નથી. ન્યા.
યને હું માન આપું છું, ને તેથી તમારા નિર્મળ ઇન્સાફ
માટે તમને પણ હું ધન્યવાદ આપુ છું, રાજકુમારને થયેલી
શિક્ષાથી પ્રજામંડળને વિશ્વાસ આવશે, કે રાજ્યનો કાયદો
રાજાના જુલ્મથી કંઇ ગરીબને કચરી નાખવા માટેજ
નથી !

ન્યાયધિશ—ઇશ્વરનો ઉપકાર માનીશું! ન્યાયના નિર્મળપણાંને સમજનારા, ને પોતાના રાજ્યના અમલદારોની ઇન્સાફી વલણને વખાણનારા આપના સરખા મહારાજાઓ જગતના માનથી પુજાવા જોઇએ છે. ન્યાયમંદિરમાં ઇશ્વરનો અંશ છે. અને ન્યાયાસન પર તેનો પ્રતાપી તાપ પડે છે. એવા પવિત્ર ઠેકાણેથી જો ગેરઇન્સાફ થવા પામે, તો રાજ્યદંડનું તેજ નરમ પડી જાય, ને રાજ—પ્રજા તથા દેશની હાલત ભયંકર થઇ જાય. એ માટે ન્યાયનું પગલું ઉલ્લંઘનારને ઇન્સાફી રાજા, મોટી શિક્ષા કરે છે. ન્યાયી રાજાઓ કેવળ પ્રજાના ઇન્સાફ માટે નહિ, પણ પોતાની જાતના ન્યાય માટે પણ શિક્ષા સહન કરીને કાયદાનું રક્ષણ ઇચ્છે છે. એવા આપના જેવા પ્રતાપી રાજાઓનો જગતમાં વિજય થજો. હું તો માત્ર આપના હુકમનો ફરમાવેલો નોકર છું, પણ મને ધારાના રાજા તરીકે આપે માન આપ્યું છે, એ માનમને પોતાને નહિ, પણ આપની ન્યાયી રાજનીતિનેજ છે. ઇશ્વર આપનું રક્ષણ કરો!

રાજા— હું બહુ પ્રસન્ન થાઉં છું. આવજો, ન્યાયાધિશ!—

(ન્યાયાધિશ નમે છે; શેકહેન્ડ કરીને બન્ને છુટા પડે છે)

અંક ૨ જો.

સ્થળ—રાજ દરબાર.

{ રાજકુમાર, રાજાના પોશાકમાં કચેરી ભરીને બેઠોછે. દરબારીઓ તથા કારભારી મંડળ હાજર છે.

રાજકુમાર—(ઉભો થઇને) મ્હારા વહાલા દરબારીઓ અને કારભારીઓ, તથા પ્રજા અને સભાસદો ? આજે હું મ્હારા પિતાની રાજ-ગાદી પર, તેના વારસ તરીકે દાખલ થયો છું. રાજા તરીકેની ફરજ અને જોખમદારી કેટલી છે, તે વિષે મને મ્હારા પુજ્ય પિતાજી પાસેથી મળેલા ઉપદેશ, અને થએલા અનુભવથી ખાત્રી આપુ છું, કે હું મ્હારા પિતાની નિર્મળ રાજનીતિને પગલે ચાલીને ન્યાયને પૂરતી કિમતે ખરીદીશ-પ્રજાના સામાન્ય હક્કો, રાજ્ય-પ્રજાનો પ્રેમ સારી રીતે સંભાળીશ, એટલુંજ નહિ પણ મ્હારી જાતના રક્ષણ કરતાં રાજ્ય-પ્રજાનાં રક્ષણ ઉપર હું લક્ષ આપવાની મ્હારી પ્હેલી ફરજ સમજીશ.

દરબારીઓ—(સરવે ઉભા થઈને) આપનું રાજ્ય અમર તપો. આપનો અમલ સદા રહો—

{ સરવે અનુક્રમે સલામ કરીને ચાલવા માંડેછે; પાછળથી ન્યાયાધિશ નમેછે.

રાજકુમાર—(ન્યાયાધિશને હાથોહાથ મળતાં) ન્યાયાધિશ સાહેબ? આપ મુઝાશો નહિ. હું રાજા થયો છું, તેથી તમે ગભરાશો નહિ. તમે મને મ્હારા અપરાધની વાજબી શિક્ષા

કરી હતી, તેથી આ વેળા હું તેનો ગેરઉપયોગ કરીશ એમ મનમાં લાવશો નહિ તમે મને હિંમતથી જે વચનો કહ્યા હતાં, ને એ ઉપદેશ સાથે જે શિક્ષા ફરમાવી હતી, તેની હું હવે કિમ્મત સમજીશ, ને આપના સરખા નીતિવાન, પ્રમાણીક તથા દૃઢ મનના સલાહકારની કદર કરતો રહીશ.

ન્યાયાવિશ—આપ આપની ફરજ સમજતા થયા છો, ને ન્યાયની કિંમત આંકી શકો છો, એજ અમારી પૂરતી કદર છે. આપનું રાજ્ય નિર્મળ તપો ! (સરવે જાય છે.)

સમાપ્ત.

પ્રયોગ ૨ જો.

અંધેરી નગરીનો ગંડુ રાજા.

સ્થળ—રાજ કચેરી.

પાત્ર--ગંડુરાજા, વજીર, સિપાઇ, વાણિઓ, કડીઓ, ગારાવાળો ભિસ્તીમીયાં ચેલો, ને ગુરૂ.

ગંડુરાજા—વજીર સાહેબ ? આપણા રાજ્યમાં સૌ સરખે ભાવે વેચાય છે, તેથી પ્રજામાં બહુ ખુશાલી પથરાઇ રહી છે, નહિ વારૂ ?

વજીર—હા જી. ટકે શેર ખાજાં ને ટકે શેર ભાજી ! !

ગંડુરાજા---અદલ ઇન્સાફી રાજાનાં એવાં રાજ્ય અમર રહો ! વજીર? આવું ઇન્સાફી રાજ્ય આજ સુધી કોઇ દુનીયામાં થયું હોય, કે હવે થશે, એમ આપણા બાપ દાદાએ પણ જાણ્યું ન હશે, હોં !

વજીર--બિલકુલ નહિ! એ માટે તો આપ નામદારનો દુનીયા પર મોટો ઉપકાર છે!

ગંડુરાજા--ને તેથીજ મારા નામનો લાલ વાવટો ઉડે છે, કેમકે હું ઇન્સાફમાં પણ એક્કો છું. અરે, પણ પેલો ચાર ચોર વાળો મુકદ્દમો આજે છે કે?

વજીર—હા, મહારાજ! એ ઘરવાળો વાણીયો હાજર છે. તેના ઘરમાં ખાતર પાડતાં ચાર ચોરો દટાઇ મુઆ છે!

ગંડુરાજા--ત્યારે તો તેને શૂળીની શિક્ષા થવી જોઇએ. વળી તે સજા તેને ચાર વાર થવી જોઇએ. વાણિયો દગાખોર દેખાય છે. તેણે એવું ઘર બંધાવ્યુંજ કેમ કે ચોર ખાતર પાડવા જાય ને ઘર પડી જાય!! જાન-માલની સલામતીને માટે ઇમારતી કાયદો તોડવાનો અપરાધ પણ કંઇ સાધારણ નથી; માટે તે બદલે તેને શૂળીએ ચડાવ્યા પછી પણ પચીસ ફટકા મારવા!!!

વાણિયો--મહારાજ! તમારો હુકમ માથે ચડાવું છું, પણ હું અરજ કરૂં છું, કે તે ઘર તો પેલા કડીઆએ બાંધેલું છે.

ગંડુરાજા-- તો કડીઓ તે શિક્ષા ભોગવે! કડીઓ એવો નબળો કેમ, કે ફક્ત ચોર ખાતર પાડે, ને ઘર પડી જાય!

કડીઓ—પણ તેમાં મારો શો વાંક! ગારાવાળાએ ગારો નરમ કાં કર્યો?

ગંડુરાજા—ગારાવાળા? તું શું જવાબ દે છે?

ગારાવાળો—ભિસ્તીએ પાણી વધારે નાખી દીધું!

ભિસ્તી—હું શું કરૂં? પેલો કાઝીમીયા રસ્તેથી જતો હતો,

તેની તરફ મેં નજર કરી, તેથી પાણી વધારે પડી ગયું હશે!

ગંડુરાજા—પણ જ્યારે ઇમારતમાં કામ ચાલે, ત્યારે તેવા મીંયાજીથી જઇ શકાયજ કેમ? લાચાર છે, કે હવે કીડીમીંયાને શૂળીએ ચડવું પડશે.

વજીર—પણ મીંયા તો શરીરે કીડી જેવા પાતળા છે, ને શૂળીનું ફૂલતો જાડું છે, તેનું શું કરવું?

ગંડુરાજા—તો ગામમાંથી કોઇ મસ્તાનને પકડી લાવો? શું ચાર ખૂન થાય ને એક પણ શૂળીએ ન જાય?

સિપાઈ—(ચેલાને બતાવીને) અત્રે તેવોજ માણસ લાવ્યા છે. આ મસ્તાન બાવો ખાજાં ખાઇને ખૂબ જાડો થયો છે, તેને શૂળી બહુ પસંદ કરશે, સરકાર?

(એવામાં ગુરૂજી હાજર થાય છે.)

ગુરૂ—રાજાજી? આ ચેલાને બદલે હું શૂળીએ ચડીશ. આ વેળા એવી સરસ છે, કે જે શૂળીપર ચડે તે સ્વર્ગનું રાજ્ય કરે!!

ગંડુરાજા—તો પછી હું શા માટે બેસી રહું! પ્રજા કરતાં રાજાનો હક પ્હેલો છે. ચાલો, હું શૂળીપર ચડું છું.

{ રાજા વજીર તથા બીજા સર્વે જાય છે.
ગુરૂને ચેલો ઉભા રહે છે.

ચેલો—(નમીને) મહારાજ? આપનું કહેવું મેં ન માન્યું, ખાવાની લાલચે આ ગંડુરાજાના શહેરમાં હું રહ્યો, તો

શૂળીપર ચડવાનો મને વખત આવ્યો. હવે મને ખાત્રી થઈ, કે વડીલોનું કહેવું જે કોઈ નથી માનતા, તે આ-વી રીતે પસ્તાય છે.

શુરૂ—હઠિલાં ને નાદાન માણસો પોતે જ્યારે ઠોકર ખાય છે, ત્યારેજ ઠેકાણે આવે છે. તને મેં નહોતું કહ્યું કે—

ભૂજંગી.

પૂરી એક અંધેરી ને ગંડુરાજા,
ટકે શેર ભાજી ટકે શેર ખાજાં;
બધી ચીજ વેચાય ત્યાં ભાવ એકે
નહિ સારી બુરી ન વેચે વિવેકે.

સમાપ્ત.

પ્રયોગ—૩ જો.

રાજા ભોજ.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ધારા નગરીમાં ભોજ રાજાની દરબાર

ભોજરાજા તથા પંડિતો.

ભોજરાજા—પંડિતો ! હાથની શોભા કંકણ છે, તેમ રાજ-સભાની શોભા પંડિતો છે. આપણા દરબારમાંથી

કવિશ્વર કાળિદાસ નાશી જવાથી હંસ વગરનાં સરો-
વર જેવી આ સભા રસ વગરની લાગે છે. કાળિદાસ
કવિને કંઇ અપમાન તો નથી થયું ?

૧-પંડિત— કોઇ કહેછે, કે ઘર કંકાસથી તેને આ નગર તજવું પડ્યું.

૨-પંડિત— કોઇ કહે છે, કે તેને વ્યસન વળગ્યું હતું-ભાંગ ને
અફીણ, ગાંજો ને તમાકુથી તેમનું મગજ ચસકી
ગયું હતું.

૩-પંડિત— અને કોઇ તો કહે છે, કે દારૂ પીવા લાગ્યા, એટલે
પંડિતોમાં બેસવાની તેની હિમ્મત ચાલી નહિ-

પ્રધાન—— ને એ અથવા બીજા બહાનાથી પંડિતોમાં અદે-
ખાઇ વધી પડી હોય, તો કવિરાજ બીજી જગ્યા-
એ જઇ રહે, એ બનવા જોગ છે; કારણ કે કાગ
મંડળીમાં હંસને ન ગમે !

ભોજરાજા— તો પણ નદીનાં પાણી સમુદ્રનેજ મળશે; કોઇ વેળા
કદી આવી ચડશે, ખરા !

સીપાઇ—— (પ્રવેશ કરીને નમે છે) મહારાજા ? કાશીથી કોઇ
પંડિત પધાર્યા છે.

ભોજરાજા—સભામાં દાખલ કર—(સિપાઇ નમીને જાય છે)
પંડિતો ? કાશીની પાઠશાળામાંથી પસાર થએલા
પંડિતને જીતવાનું કામ કઠણ છે. વળી કાળિદાસ
પંડિત નથી, માટે આજે તમારાં બુદ્ધિબળનો ચમત્કાર
બહાર પાડવાની જરૂર છે.

પંડિતો—— ભોજરાજાના દરબારના પંડિતો ભરતખંડમાં ગાંજ્યા
જાય, તેવા નથી.

પ્રધાન—(બાજુપર) કવિ કાળિદાસની હાજરી એમ વખતે કહેવાતું હતું ! !—

(કાશીવાસી પંડિત પ્રવેશ કરેછે.)

કાશીવાસી— (નમીને)

રાજ સભામાં રાય નહિ, ભુખ્યો રાજા ભોજ;
રડવડશે તું રાનમાં, પણ રહેશે નહિ ઓજ.

પંડિતો— (ઉભા થઇને) અરે પંડિત ! રાજાનું આવું અપમાન ? ભોજરાજા જેવા સંતોષી અને દાનેશ્વરીને આમ આશિષ દે છે ?

ભોજરાજા-ચિન્તા નહિ ! વિદ્વાનોની વાણીમાં ચમત્કાર હોયછે.

પંડિત— આહાર તેવો હોડકાર, ને જાત તેવી ભાત ! ધુળમાંથી સુગંધી મળે નહિ, કાંટો કદીએ ફળે નહિ, શીંદરી બળે પણ વળ ટળે નહિ ! !

ભોજરાજ- પંડિત ? આપની શી ઇચ્છા છે ?

કાશીવાસી-ભોજ રાજા ? મને હવે કંઇ ઇચ્છા થતી નથી. કાશીમાં તારી સભાના પંડિતોનાં વખાણ થવાથી હું વિવાદ કરવા આવ્યો, પણ ઝવેરી વિના રતન પરખાયાં નહિ, પંડિત વિના રાજ સભાનાં માન સચવાયાંજ નહિ !

ભોજરાજા-(મનમાં) આ કાળિદાસ પંડિત તો ન હોય ? છુપા વેશે સભાની પરિક્ષા તો નહિ કરવા આવ્યો હોય ! ખરે આ રૂપ છપ તેનીજ લાગે છે.

૧-પંડિત—અરે કાશીવાસી ? આપણામાં આવડત નહિ, ને બીજાને શો દોષ દે છે ? કાંતવાની આવડત નહિ, ત્યારે ત્રાંકનો વાંક કાઢે છે ?

કાશીવાસી–પંડતો ? તમારી બુદ્ધિ એકજ પદ ઉપરથી થઇ ગઇ છે!
ભોજરાજા–કાશીવાસી ? તમે મને જે આશિર્વાદ આપ્યો, તે મેં કબુલ કર્યો છે. હવે તમે તેનો અર્થ સમજાવશો ?
કાશીવાસી–રાજ પંડિતો જ્યારે નબળા છે, ત્યારે હું અર્થ કરૂં છું–સાંભળો. રાજ–સભામાં રાય નહિ !
૧–પંડિત—શું ભોજરાજાને તું રાજા ગણુતો નથી ?
કાશીવાસી–રાજસભા પંડિતોથી શોભે છે, ને તેમાં તેનો રાજા નથી !
ભોજરાજા–હા, કાળિદાસ નથી, સત્ય કહ્યું–પછી ?
કાશીવાસી–ભૂખ્યો રાજા ભોજ—
૨–પંડિત—ધારા નગરીના ભંડાર ભરપુર છતાં ભોજરાજા ભુખ્યા છે ? વાહ !
કાશીવાસી–પણુ ભોજરાજાને કવિતાનો રસ ચખાડનાર કોણુ છે ?
ભોજરાજા–હા, કવિ કાળિદાસની રસીલી કવિતા વિના હું ભુખ્યો છું.
કાશીવાસી–રડવડશે તું રાનમાં !
૩–પંડિત—રાજાજીને આશિષ તો ઠીક મળી !
કાશીવાસી–સાંભળો ? હું જો જંગલમાં રવડીશ, પણુ કાલિદાસનું કાવ્ય ક્યાંથી મળશે ? ને તે વગર "રહેશે નહિ પણુ ભોજ !" આ સભામાં મારો મરતબો રહેશે નહિ, પંડિતો ? સમજ્યા ! !
ભોજરાજા–કોણુ, કવિ કાળિદાસ તો ન્હોય ? તેના વગર આવાં રસિલાં ને બે અર્થવાળાં કાવ્ય કોણુ સંભળાવે ? તું

કાશીવાસી ભલે થયો, પણ હવે આ ભૂખ્યા ભોજ આગળ પ્રગટ થઈ જા !—

(ભોજરાજા ઉભો થાય છે. કાળીદાસ ઘુંટણભર બેસીને નમે છે.)

સરવે——કોણ કવિ કાલિદાસ ! (પંડિતો શરમાય છે.)

કાલિદાસ—હા. કાશીવાસી કાળિદાસ—તમારો દાસ ! !

ભોજરાજા—કાળિદાસ ? તારાં વચનોથીજ મને ભાન થયું, કે તું પોતે આ સભાનો રંગ જોવા આવ્યો છે ! હવે તને નહિ જવા દઉં ! જો મ્હારો અપરાધ થયો હોય, તો ક્ષમા કરવો—

કાલિદાસ—મને કાશીપુરમાં સમાચાર મળ્યા, કે મહારાજા નાહક દુઃખિ થાય છે.

સરવે— ભોજરાજાની દરબાર કવિ કાળિદાસ વગર નકામી છે, એમ આખું જગત હવે એક અવાજે બોલે છે. જય, કવિનો !

કવિજનો } રક્ષ દેવ તું મહારાજ;
પંડિતો } બહુ જીવજો મહારાજા—રક્ષ
એમને કર જયવંત મસ,
દે શુભ કીર્તિ ને યશ;
લંબાવ રાજ બહુ વર્ષ—રક્ષ

સમાપ્ત.

દેલવાડાકર

કિન્ડરગાર્ટન-ગ્રંથમાળા,

નંબર ૧ થી ૨૦.

ન્હાનાં બાળકોને રમત-ગમતથી શીખવવા માટે કિન્ડરગાર્ટન ગુજરાતી સિરીઝ તૈયાર છે. તેમાં મૂળાક્ષર (સચિત્ર) થી તે વાંચન જ્ઞાન થાય, તેવાં એ પુસ્તકો Infant reader & First Book સચિત્ર, મોટા ટાઇપ અને આર્ટ પેપરમાં છપાયલાં છે; અને મુંબઈની કેટલીક શાળાઓમાં ચાલે છે; એટલુંજ નહિ, પણ અમારા 'કિન્ડર ગાર્ટન પ્રેકટીકલ બોકસ' ને આધારે આ પુસ્તકોવડે બાળકો બહુ સ્હેલથી તે ઝડપથી શીખી શકે છે. આ પુસ્તકો વડોદરા કેળવણી ખાતામાં મંજુર થયાં છે; એ ઉપરાંત, કિન્ડરગાર્ટન-બાળખેલ, કસરત, બાળ-કહાણીયો, બાળબાગ (ગાયન) અને ડ્રોઈંગ બુકો, પદાર્થ શિક્ષણ ઈત્યાદિ પુસ્તકો છે, જે વિષે પુંઠા ઉપરની જાહેર ખબર વિશેષ માહિતી આપશે.

કિન્ડર ગાર્ટન ગ્રંથમાળા—નંબર ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪, પુસ્તકો સરકારી કેળવણી ખાતામાં મંજુર થયાં છે.

અને

વડોદરા કેળવણી ખાતા તરફથી—નંબર. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ વગેરે મંજુર થયા છે.

કિન્ડર ગાર્ટન સ્ટોલ, ગિરગામ બેકરોડ.

ગો. ક. દેલવાડાકર, કિન્ડરગાર્ટનીસ્ટ—મુંબઈ

દેલવાડાકર સિરિઝ.

	રૂ.	આ.	પૈ.
"બાળ ગ્રંથાવળી નં. ૧ થી ૨૦."	૪	૮	૦
A કિન્ડરગાર્ટન શિક્ષણ પદ્ધતિ	૦	૪	૦
૧. કિન્ડરગાર્ટન વાંચનમાળા મૂળ ભાગ (સચિત્ર)	૦	૩	૦
૨. કિન્ડરગાર્ટન વાંચનમાળા (પ્હેલી ચોપડી) ...	૦	૨	૦
*૩. કિન્ડરગાર્ટન ભાગ ૧ થી ૩ દરેકની (નવી આવૃત્તિ)	૦	૪	૦
†૬. બાળ કસરત ભાગ ૧ (સચિત્ર) ત્રીજી આવૃત્તિ	૦	૨	૦
A૬. બાળ કસરત ભાગ ૨ જો	૦	૨	૦
૭. શિશુશિક્ષણ (સંક્ષિપ્ત કવિતામાં, ત્રીજી આવૃત્તિ)	૦	૪	૦
†૮. બાળ કહાણિયો ... (બીજી આવૃત્તિ) ...	૦	૨	૦
†૯. બાળ બાગ ભાગ ૧–૨ દરેકના („) ...	૦	૪	૦
૧૧. કિન્ડરગાર્ટન પાઠમાળા (વાંચન–પદાર્થ પાઠ)...	૦	૨	૦
૧૨. બાળશિક્ષણ ગરબાવળી (સ્ત્રીધર્મશિક્ષણ) ...	૦	૪	૦
૧૩. સંગીત–સતીમંડળ (સ્ત્રી ધર્મનીતિ જ્ઞાન) ...	૦	૪	૦
*૧૪. બાળ–ખેલ(સચિત્ર–કિન્ડરગાર્ટન–ત્રીજી આવૃત્તિ)	૦	૫	૦
૧૫. બાળકોની રંગભૂમિ(નાના નાટકો–નવી આવૃત્તિ)	૦	૨	૦
૧૬. બાળ જ્ઞાન (સૃષ્ટિ પદાર્થ શિક્ષણ) („)	૦	૨	૦
૧૭. બાળગીત(હાવભાવ સહિત ગાયનો-ત્રીજી આવૃત્તિ)	૦	૨	૦
૧૮. કિન્ડરગાર્ટન—પદાર્થ પાઠ	૦	૨	૦
૧૯. કિન્ડરગાર્ટન ડ્રોઇંગ બુક ભાગ ૧... ...	૦	૨	૦
૨૦. કિન્ડરગાર્ટન ડ્રોઇંગ બુક ભાગ ૨... ...	૦	૨	૦

* આ પુસ્તકો, સરકારી ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં 'ટેક્સ્ટબુક' તેમજ 'ઇનામ–લાયબ્રેરી' તરીકે વાપરવા માટે સરકારી કેળવણીખાતા તરફથી મંજુર થયાં છે.

† આ પુસ્તકો, શાળા–શિક્ષકોના ઉપયોગ માટે તથા ઇનામ–લાયબ્રેરી માટે મંજુર થયાં છે.

રચનાર—ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર.

કિન્ડરગાર્ટન સ્ટોલ. ગિરગામ બેકરોડ.